શ્રી આર્ય નૈતિક નાટક સમાજ.

સતી તારલ.

નામક નાટકનો સાર અને ગાયનો.

સંશોધક અને પ્રકાશક;

નકુભાઇ કાનુભાઇ શાહ.

"શ્રી આર્ય નૈતિક નાટક સમાજ,"

તારદેવ, બાટલીવાલા થીએટર—મુંબઇ.

વિક્રમ સંવત ૧૯૭૧, ઈ. સ. ૧૯૧૫,

આવૃત્તિ ૧ લી. પ્રત ૫૦૦૦

"શ્રી સુબોધિની પ્રીન્ટીંગ પ્રેસ" માં વૈદ્ય ભગવાનલાલ ત્રિભુવને માલેકને માટે છાપ્યું, બજારગેટ, કોટ, મુંબઇ.

કીંમત રૂા. ૦ ૨ ૦

સતી તોરલ નાટકનાં પાત્રો.

પુરૂષ વર્ગ.

જેસળ-- કચ્છનો જાણીતો બારવટીયો
સાંગા ઠાકોર--જેસળના મોટા ભાઈ
લાખાજી-- સાંગા ઠાકોરનો પુત્ર જેસળનો ભત્રીજો
જસાજી-- એક કાઠી ઠાકોર તોરલનો પિતા
સાસતીયાજી--એક કાઠી ગરાસીયો, તોરલનો પતિ
બાદર-- એક બહાદુર લુંટારો
પરમહંસ-- નિષ્કામ ભક્ત
અખંડાનંદ-- તોરલનો ગુરૂ
અભેહરામ-- અખંડાનંદનો કામને જીતનાર ચેલો
લછમીરામ-- જગતને ઠગનારો બાવો
સધીર-- એક ઠગારો વાણીઓ
રાઘુ-- એક ખવાસ, મુકતાનંદને નામે લછમીદાસ અને પાછળથી અખંડાનંદનો ચેલો.

લુંટારાઓ, સાધુઓ વિગેરે વિગેરે.

સ્ત્રી વર્ગ.

તોરલ-- જગદંબાનો અવતાર સતી તોરલ
ફુલાંદે-- તોરલની માતા
રૂપાંદે-- જેસળની ભાભી
હંસા-- રૂપાંદેના ભાઇની પુત્રી, પાછળથી લાખાજીની સ્ત્રી
મદનિકા-- એક નાયકા

સાહેલીઓ, વડારણો, કંચનીઓ વિગેરે વિગેરે.

સ્થળ--કચ્છ તથા ઓખામંડળ.

માલેક તરફનો ખુલાસો.

શ્રી આર્ય નીતિદર્શક નાટક સમાજના નામ સાથે અહીં આવી જઈ પ્રજાની મે જે શ્રદ્ધા મેળવી હતી, આગલી મુસાફરીમાં પ્રજાને તેનો ઇચ્છીત ખોરાક પુરો પાડી જે વાહવાહ મેળવી હતી. તો આ વખતે શ્રી આર્ય નૈતિક નાટક સમાજનાં નામ સાથે આવીને પણ પ્રેક્ષકવર્ગને કંઈક નવુજ આપવું એવા વિચારથી આજ દિવસ સુધી કોઈ પણ કંપનીએ જે સાહસ કર્યું નથી તેવુ કચ્છી પ્રેક્ષકવર્ગ કે જે એક ગુજરાતી કંપનીઓનો મોટામાં મોટો જોનારો વર્ગ છે તેઓને તેઓનાં દેશની વાત આપવાનો નિશ્ચય કરી મે આ નાટક પ્રજા સમક્ષ રજુ કર્યો છે. એ નાટક ના અસલ લખનારના લેખને મુંબઇની તમાશબીન આલમના શોખને અનુકુળ કરવા તેનો ભાગ મારા સલાહકારોની સલાહ પ્રમાણે મેં ફેરાવ્યો છે અને ખરૂ પુછોતો તે નાટક તદનજ ફેરવાઇ ગયુ છે તેમ કહો તોપણ ચાલે એ લેખ અને ગાયન ફેરવતાં મને મારી કંપનીના કવિ ભાઈ નારાયણ મોતી નાયક તથા નડીયાદના સાક્ષર કવિ મુળજીભાઈ કાસરવાળા તરફથી ઘણી મદદ મળી છે. કે જેણે મારા વિચારોને બરાબર ફોટો માફકજ ઉતારી ખેલના લેખને જોરદાર બનાવવા પોતાનાં જ્ઞાનનુ જોર આપ્યું છે. પૈસાનો બદલો એતો એક નિર્જીવ બદલો છે એટલા

જ ખાતર છું. મે મારા મદદગારોનાં નામ રહે એમ ધારી અહીં રજુ કરૂં છું અને તેમની મદદ માટે તેઓનો ઉપકાર માનું છું. એવીજ રીતે પ્લોટની સંકલના કરવા માટે મારા ડાયરેકટર ભાઈ મુળચંદ અને હરિહરે (દિવાના) જે મહેનત ઉઠાવી છે તેનું નામપણ આ ખુલાસા સાથે જોડી પ્રભુના ચરણમાં મસ્તક નમાવી ઉદાર કદરદાન પ્રજાની ઉદારતા તથા કદરદાનાથી ઉપર ભરોસો રાખી આ નાનો ખુલાસો અહીંજ પુર્ણ કરવાની રજા માગું છું. સુજ્ઞેષુ કિં બહુના.

નકુભાઇ કાલુભાઇ શાહ.

તે

'સતી તોરલના' સંશોધક

તથા

શ્રી આર્ય નૈતિક નાટક સમાજના માલેક.

श्री हरि ॐ

સતી તોરલ નાટકનો ટૂંકસાર.

પ્રારંભ.

પ્રાર્થના થયા બાદ. સૂત્રધાર નાટકના વસ્તુનું સૂચન કરે છે. અને સતી ગુણ કીર્તન સાથે નાટય પ્રયોગનો પ્રારંભ થાય છે.

પ્રવેશ—૧ કાઠી ઠાકોર જસાજી અને ઠકરાણાં ફૂલાંદે દેવીભક્ત હતાં. દેવી તેમને હાજરા હજુર હતાં, ઠાકોર, ઠકરાણાં બીજી સર્વ બાબતે સુખી હતાં પરંતુ તેઓને સંતાનનું સુખ નહોતું તેથી દેવીની આરતી ઉતારી માતાજી પાસે સંતાનની યાચના કરે છે. દેવી—"તમારાં ભાગ્યમાંજ સંતાન નથી" એમ જણાવે છે. પરંતુ ભક્તની બહુજ કાકલુદી જોઈ પોતાની ઈચ્છાશક્તિથી એક પરમહંસને બોલાવે છે. અને તેના પેટમાં ભૂખ ઉત્પન્ન કરે છે. "ભૂક લગી, ખીલાદે, ખીલાદે, મેરે રામકો" એમ બોલતાં પરમહંસ પ્રવેશ કરે છે, અને પોતે તૃપ્ત થઈ ઠાકોર, ઠકરાણાંને ઉદાસ જોઈ ઉદાસીનું કારણ પૂછે છે. કારણ જાણી તેને પુત્રીની આશીશ આપે છે. અને માતાનાં પ્રસાદી ફૂલમાંથી તોરલની ઉત્પત્તિ થાય છે. તે જોઈ સર્વ આશ્ચર્યથી સ્તબ્ધ થાય છે.

પ્રવેશ ૨—પરમહંસે પ્રકટ કરેલી તોરલને જોઈ ચમત્કારમાં ગાંડો થએલો ખવાસ રાધુ એવી શકિત મેળવવાના સ્વાર્થથી પરમહંસને પકડી પાડી ચેલો બનાવવા કહે છે. પરમહંસ કંઈપણ જવાબ આપ્યા વીના. ચાલ્યા જાય છે. પણ રાધુ કે જે સાધુઓ પાસે આવા ચમત્કાર હોય છે તેમ સમજી ગયો છે તે બીજા કોઇ ચમત્કારી સાધુને શોધી કાઢી તેનો ચેલો બનવા જાય છે.

પ્રવેશ ૩—આદ્ય શક્તિનો અવતાર સતી તોરલ અને સહેલીઓ. સહેલીઓ "સાસતીયા જોડે ત્હમારાં લગ્ન કરવાનું ત્હમારાં માતાપિતાએ નકકી કર્યું છે" એમ જણાવે છે. ત્યાં સાસતીયો આવે છે. તોરલ તથા સાસતીઆનો પ્રેમપ્રસંગ એટલામાં સાંગા ઠાકોર (જેસળના મ્હોટા ભાઈ) રૂપાંદે, જસોજી અને ફૂલાંદે આવે છે. ઠકરાણાં રૂપાંદેને હાથે તોરલ તથા સાસતીઆના હાથ મેળવાય છે. એટલામાં અંદરથી ફરિયાદ કરતાં મહાજનનો અવાજ સંભળાય છે. સાંગા ઠાકોરે તેઓને અંદર બોલાવી પૂછતાં તેઓ જેસળે લુટયાની ફરિયાદ કરે છે. સાંગા ઠાકોર, જેસળ જ્યાં હોય ત્યાંથી તેને પકડી લાવવા સીપાહીને હુકમ કરે છે એટલામાં જેસળ પ્રવેશ કરે છે. જેસળને મહાજને કરેલી ફરિયાદ બાબતમાં પુછતાં તે તદ્દન ઉદ્ધત જવાબ આપે

છે. સાંગા ઠાંકાર જેસલની ઉદ્ધતાઇથી ચીઢાઇ તેને દે-
શપાર કરે છે દોરંગી દુનિયાનું દોરંગી ચિત્ર જ્યાં
એક તરફ લગ્ન ત્યાં એક તરફ કંકાસ.

પ્રવેશ ૪—દુનિયા ઝુકતી હય ઝુકાને વાલા ચાહિયે તંતર, મંતરને, જંતરના ઢોંગથી દુનિયાને ઠગતા સાધુ લછ્છીદાસજીને ત્યાં રાધુ–તેને પણ ચમત્કારિક સાધુ માની ચેલો બનવા આવે છે અને તેનો ચેલો બને છે, જગતને ઠગનાર આ બાવાને પણ ઠગી તેનું ધન પચાવી જવાને યુક્તિ રચતે. તે ગામનો સધીર વાણીયો પોતાના ભત્રીજા લાલીયા સાથે ત્યાં આવી 'ધરદે ગોલખમેં' કરતા 'બાવાને તેરી ગોલખ મેરી બગલમેં' નો નવો પાઠ શીખવવા જાળ બિછાવે છે અને લોભીને થાપ દેવામાં ધુતારો ફાવે છે.

પ્રવેશ ૫—દેશપાર થએલો જેસળ હવે લુટનુંજ કામ ચલાવે છે તેવીજ રીતે એક બીજો બાદર નામનો બહાદુર લુંટારો પણ ત્યાં લુંટનુ કામ કરે છે. આજે બાદર અને જેસળ બન્નેને અમુક જગ્યાએથી એક જાન જવાની છે એમ ખબર પડતાં તેઓને લુંટવા બન્ને પોતાના સાથીઓ સાથે નીકળ્યા છે તે જગ્યાએ બાદર પહેલાં આવી પહોંચે છે અને જાન લુંટે છે તથા તે જાન સાથે નીકળેલી ને વાણીઆના રાજાની કુંવરી હંસા (રૂપાંદેની ભતરીજી) ને જોઇ મોહિત

થાય છે અને તેના ઉપર અત્યાચાર કરવા જાય છે તે વખતેજ જેસળ પ્રવેશ કરી તેનો બચાવ કરે છે. બાદર અને જેસળને યુદ્ધ થાય છે બાદર જેસળને શરણે જાય છે અને તે દીવસથી તે બન્ને લુટારાઓનુ ટોળુ સાથે મળી જાય છે. હસા કેદ થાય છે.

પ્રવેશ ૬—લોભી ગુરુ ઔર લાલચુ ચેલા દોનુ નરકમે ઠેલમ ઠેલા. મુકતાનંદનુ નામ ધરી લછમીદાસનો ચેલો બનેલો ખવાસ રાઘુ કોઈ પણ યુક્તિથી ગુરુને મારી નાખી તેની લક્ષ્મી પચાવવાનો વિચાર કરી ગાંજાની ચલમમાં ઝેરી બુટ્ટી પાય છે. પણ લક્ષ્મી તેને મળવાને બદલે સધીરને પચી જાય છે " ચોરને પોટલે ધુડની ધુડ " એ કહેવત સિદ્ધ થાય છે

પ્રવેશ ૭—પોતાને વનના મહારાજાના નામથી ઓળખાવતો જેસળ પોતાના રહેઠાણમાં કેદ પકડી લાવેલા વણઝારા, મુસાફરો વિગેરે કેદીઓનો ઇન્સાફ કરે છે અને પોતાને દેશપાર કરવા માટે પોતાનાં ભાઈ ભાભી ઉપર ચીઢાએલા જેસળે તેને પોતાના ખોટા મંદવાડના સમાચાર મોકલ્યા છે તે સાંભળી તેની ખબર કાઢવા આવેલાં ભોળાં ભાઈ ભાભીને ઠાર કરે છે.

અંક બીજો.

પ્રવેશ ૧—શિકારના શ્રમથી થાકેલો સાસતીઓ દારૂ પીતો બેઠો છે. ગોલીઓ રાસડા ગાય છે ત્યાં તોરલ આવી દારૂ ન પીવા તથા અહિંસા પરમોધર્મનો ઉપદેશ આપે છે. તે વિષે કેટલોક વાદવિવાદ ચાલે છે. તોરલ સાસતીઆને અષ્ટભુજારૂપે દર્શન આપે છે. સાસતીઓ સુધરી જાય છે.

પ્રવેશ ૨—ગુરુ અખંડાનંદ શિષ્યવર્ગની પરિક્ષા લેવા દરેક શિષ્યોને ચાતુર્માસ કરવા મોકલે છે. સર્વસ્વનો ત્યાગ કરી સાધુ બનેલાં તોરલ તથા સાસતીયો તેઓનું આતિથ્ય કરવાનો વિચાર કરે છે પરંતુ પોતા પાસે કંઈ ન હોવાથી વિમાસણમાં પડે છે. એટલામાં ત્યાં સધીર વાણીઓ આવે છે અને તોરલના સ્વરૂપ ઉપર મોહિત થઈ જો એક વચન આપે તો સીધાં અપાવવા કબુલ થાય છે. તોરલ વચન આપે છે સીધા અપાવી સધીર વચનમાં તોરલનો પ્રેમ માગે છે.

પ્રવેશ ૩—બાદર અને જેસળ વાતો કરતા ઉભા છે ત્યાં માણુસ આવી તોરલ ઘોડી હાથે નથી ચઢતી એમ ખબર આપે છે. એ તોરલને લાવવાનું બીડું જેસળ ઝડપે છે. અને બાદરને આજે ૯ સાનો ડંડ આવી જશે તે આવે તો છુટી કરજે તથા પોતાના

ભતરીજાને કપટથી બોલાવ્યો છે—"તે આવે તો છટકે નહી" એમ ભલામણ કરે છે. હંસા છુપાઈ ને આવાત સાંભળે છે એટલામાં ભોળો લાખોજી દાખલ થાય છે. જેસળ તેને ઉપરનો પ્યાર બતાવે છે, અને ત્યાર પછી જાત્રાનું ખોટુ બહાનું બતાવી જેસળ જાય છે લાખાજી અને હંસાનો મેલાપ ઓળખાણ બાલપણની યાદ પ્રેમ પ્રસંગ વાતપરથી વાત નીકળતાં લાખાજી પાસે ખરા ભેદનુ ખુલ્લું થવુ. સાંગા ઠાકોર અને રૂપાદેના મરણના ખબર હંસા અને લાખોજી ભાગી છુટે છે. પણ બાહર આવી પહોંચી તેને પહાડી પાંજરામાં કેદ કરે છે.

પ્રવેશ ૪—વચન દીધા પ્રમાણે તોરલ સધીરને ઘેર જાય છે. સાસતીઓ તથા તોરલ ઉપદેશ આપી સધીરને સુધારે છે, સધીર સંસારનો ત્યાગ કરી તોરલ સાથે તેના ગુરૂ અખંડાનંદના દર્શન કરવા સલડી ગામે જાય છે.

પ્રવેશ ૫—સલડી ગામમાં માહાત્મા અખંડાનંદનો મઠ. તોરલ ઘોડી ચોરવા આવેલો જેસળ સાધુ વેષે મંડપમાં દાખલ થાય છે પણ સાધુ મંડળને આવતું જોઈ ઘાંસની ગંજીમાં સંતાઈ જાય છે ભજન શરૂ થાય છે જેસળ ઘોડી છોડી મુકે છે ઘોડીના હણહણાટથી ભજન બંધ રહે છે ઘોડીને બાંધવા જતાં ભુલથી સાધુ જેસળની હથેલીમાં ખીલો મારે છે. સતીતોરલના

સ્વરુપથી મોહાંધ બનેલા જેસળને તે બાબતની કંઈ ખબર પડતી નથી. ભજન પુરૂં થતાં તોળાંદે પ્રસાદ વાંટે છે તો એક ભાગ વધે છે માટે કોઈ માણસ રહી ગયું હોવું જોઇએ એમ જાણી શોધ કરતાં જેસળને ઘાંસની ગંજીમાંથી શોધી કાઢે છે. બધાં તેને જોઈ અજબ થાય છે. જેસળ બેપરવાઈથી હથેળીનો ખીલો ખેંચી કાઢે છે અને ત્યાં દાખલ થવાનું કારણ પુછતાં તે તોરલની માગણી કરે છે. સતી તોરલ ઉપદેશ આપે છે પણ "નિત નિત ઉઠી ન્હાવા જાય, કોયલા ઉજળા ન થાય" તેમ તે ભુટારાને આપેલો ઉપદેશ પથ્થર ઉપર પાણી જેવો થાય છે. તોરલને જબરદસ્તીથી લઇ જવા જેસળ તોરલનો હાથ પ્રકડે છે તેનીજ સાથે ચમકે છે અને તોરલને નમી પડે છે જેસળનાં પ્રાયશ્ચિતની શરૂઆત થાય છે.

પ્રવેશ ૬—ચાતુરમાસની આજ્ઞા લઈ કામને જીતવા નીકળેલો અભેદરામ, સૌંદર્યવતી નાયકા મદનિકાને ત્યાં અડો નાખીપડયો છે. મદનિકા તેના ઉપર મોહિત થઇ તેને ફસાવવાની કોશીશ કરે છે. છતાં તે ફસાતો નથી ત્યારે તેને ચાબુકનો માર મારે છે. ચાબુકનો માર ખાતો અને હસતો અભેદરામ તેમાંથી પણ મદનિકાને ઉપદેશ આપે છે જીંદગીભર કાળા કર્મ

કરનારી ગુણિકાને પણ સાધુસ ગથી– " લાગી, લાગી, ન દલાલાથી લાગી, લગની લાગી. "

પ્રવેશ ૭—જેસળ તોરલ સાથે કચ્છની ખાડી પસાર કરે છે. તેટલામાં તોફાન થાય છે સમુદ્ર ઉછળે છે. વીજળી સાથે વાદળાંઓ ટૂટી પડે છે. જેસળને તેનાં પાપ દેખાય છે અને ગભરાવે છે. તોરલ તેને અભય વચન આપી " ખરાં હૃદયથી પશ્ચાતાપ કરી, પ્રભૂ પાસે પાપ કબુલ કરવાનું કહે છે. " જેસળ પોતાનાં પાપ કબુલ કરે છે ડુબતું વહાણ શકિત પોતાનાં ત્રિશુળ ઉપર ઉપાડી બચાવે છે

અંક ત્રીજો.

પ્રવેશ ૧—બાદર પાસે મછલીઓનો નાચ (કચ્છી કાફી.) બાદર કેદ કરેલાં હંસા તથા લાખાજીને મ્હેણાં ટોણાં મારે છે અને શરણે થઇ પોતાની ઇચ્છાને તાબે થવા કહે છે જેનો તેઓ ઇન્કાર કરે છે તેથી બાદર ચીઢાઇ તેના ઉપર હુમલો કરે છે એટલામાં સાધુ વેષે જેસળ દાખલ થઇ તેઓને બચાવવા બાદરને વિનવે છે, અને બાદરના પગમાં પડે છે ત્યાં બાદર તેને ઠોકરે મારે છે. અને તે બન્ને સાથે જેસળને પણ મારવાનો હુકમ કરે છે. ત્યાં ભૂત નીકળી

આવી બાદરને કાળચક્રમાં ફેંકી દેય છે. તોરલ પોતાના ભકતનો બચાવ કરે છે. જ્યાં જુઓ ત્યાં તોરલ.

પ્રવેશ ૨—લછમીદાસને મારી પછી અખંડાનંદનો ચેલો બનેલો મુકતાનંદ, અભેદરામનાં કામ જીતવા માટે અખંડાનંદને મોઢે વખાણ સાંભળી પોતે કામ જીતવા આવ્યો છે તે નાયકા મદનિકાના મોહમાં ફસાય છે અભેદરામના સત્સંગથી સુધરેલી મદનિકા મુકતાનંદને સુધારવા ઘરેણા લુગડાં લેવા મોકલે છે.

પ્રવેશ ૩—દેવીએ કહયુ હતું કે—"તમારા ભાગ્યમાં નથી" છતાં પરમહંસે પુત્રી આપી તે દિવસથી જસાજી ઠાકોર અને ઠકરાણાં ફુલાદે દેવી પુજામાં સુસ્ત થઇ ગયાં છે અને સાધુઓની પુજાએ ચઢયાં છે આ રીતે સ્વાર્થની ભકિતએ ચઢેલાં પોતાના મા બાપને સુધારવા તોરલ પોતાને મહીયર આવીછે. અને જો દેવીનો યજ્ઞ કરી પોતે કહે તેમ વરતે તો તેઓની દરેક આશા ફળશે એમ માબાપને સમજાવી આજે શકિત મંદિરમાં યજ્ઞ કરાવે છે અને યજ્ઞમાં માણસનું માથુ આપવા કહે છે. કોઇ માથુ આપવા તઇયાર થતુ નથી એટલામાં પહેલાજ પરમહંસ આવી પહોંચે છે અને રામને નામે માથું આપવા તઇયાર થાય છે. જેમ માથાં ઝુકાય છે તેમ નવાં ઉગતાં જાય છે તોરલનો ઉપદેશ માથાં મુકે તે માલ ખાય'

પ્રવેશ ૪—મદનિકા મુકતાનંદને સુધારે છે. સ્વાર્થ માટે બાવો બનેલો ખવાસ રાધુ જે પછીનો મુકતાનંદ તે અહી ખરો સાધુ બને છે અભેદરામ પોતાના ગુરૂ અખંડાનંદ સતી તોરલ, સાસતીયાજી, ભકત સધીર સાથે આવી મદનિકાને ભકતમંડળનાં દર્શન કરાવે છે ત્યાર પછી સર્વ જેસળ સમાધી લેવાના હોવાથી અંજાર તરફ જાય છે.

પ્રવેશ ૫—જેસળની સમાધી, લાખાજી તથા હંસાને મળવાનું કહ્યું હતું છતાં તે આવે તે પહેલાં તો જેસળે સમાધી લીધી છે. તેની સમાધી ઉપર અફસોસ કરતો લાખો અને હંસા બેઠાં છે. ત્યાં તોરલ વિગેરે આવતાં તે બધી વાત જાણે છે. તોરલ ભજન ગાઈ જેસળને સમાધીમાંથી ઉભો કરેછે. જેસળ લાખાજી તથા હંસાના હાથ મેળવી આપે છે. અને સતીની આજ્ઞા લઈ પાછો સમાધીમાં સમાય છે. પુષ્પોમાંથી પ્રકટ થએલી તોરલ પણ પુષ્પનો ઢગલો થઈ જઈ અદૃશ્ય થાય છે અને ત્યાર પછી જ્યોતિનારાયણનાં ભકતો જ્યોતિમાંજ સમાઈ જતાં નજરે પડે છે.

શાંતિ : શાંતિ : શાંતિ :

સતી તોરલ.

નાટકના ગાયનો.

પ્રારંભ
પ્રાર્થના

—:0:—

જાગે જાગે જાગે જ્યોતિ મા શક્તિ તુજ
સકલ સૃષ્ટિમાં જશ ડંકા વાગે.
તું—શક્તિ તું, ભક્તિ તું, મુક્તિ તું,
અશરણુ શરણુ તું,
અધમ ઉદ્ધરણુ તું;
ભવના ભય ભાગે
ઉદ્ભવ શકિત બ્રહ્મા,
વિષ્ણુ નામે પૂજા પામે તુજ શક્તિ રક્ષકની
સંહરતી તુંજ રૂદ્ર રૂપે,
સહુ પા લાગે

બાળાઓ— ૨

અમું નમે સ્નેહે વળી વિનવે,
સતીઓના નામે મોટા મૂનીઓ નમે—
શીયલ શૃંગારે શાણી દેહ દીપાવે;
પતિપ્રભૂમાં જેનું મનડું રમે.—

હરિહર ને બ્રહ્મા જેના પાર્ષણુંયે ઝુક્યા;
સુણતાં ઉત્તમ ગુણ તનના તાપ સમે.—
સાવિત્રી સતીએ પતિને યમથી છોડાવ્યો;
ચારૂ ચરિત્ર જોતાં જગને ગમે.—

સર્વે—

૨

જય જય મહાશક્તિ મા જય જય મહાશક્તિ
અષ્ટપ્રહર પળવિપળે કરીએ તવ ભક્તિ.
'જયો જયો મા જગદંબે'
તું બ્રહ્મા, તું વિષ્ણુ. ચામુંડા કાળી;—મા
તું તુળજા, ત્રિપુરારી, બળવંતી, બાળી.
'જયો જયો મા જગદંબે'
લય પ્રલય ઉદ્‌ભવ જય વૃદ્ધિ ત્હારાથી;—મા
પાલન પોષણ કરતી તવ પય ધારાથી.
'જયો જયો મા જગદંબે'
વંદન કરીએ તારો બેડો બીરદાળી;—મા
અજ્ઞાની બાળકનાં પાપ સહુ બાળી.
'જયો જયો મા જગદંબે'

મુક્તાનંદ—

૩

બેટી દેવી, બેટા દેવા, બદલામાં ખનનનનન લેવા
જોય જે એ શક્તિ, તે કરે ચમત્કારને નમસ્કાર
સહુ કહે રામ અવતાર
ધન છનાછન પડે ઠોકરે આથડે
પડે નહીં મુજને કોઇની દરકાર

સાહેલીઓ— ૪

મૂકાવા મોટા મૂનિયોનાં માન (૨)
મદન આજે પડયો છે મેદાનમાં
ચૂકાવા ધ્યાનીઓનાં ધ્યાન (૨) આજે પડયોછે—
સાંધીને નેત્રબાણ ભ્રકુટી કમાનમાં,
રાખીને કોઇ પ્રેમી પ્રાણને નિશાનમાં;
એ સર કરશે સંગ્રામ (૨) આજે પડયો છે—

તોરલ— ૫

સતીઆને પ્હેરની તનપર સુન્દર સજવું ઘરેણું સાચું.
ટેકની ટીલડી કરવી લલાટે લજ્જા કાજળ દ્રગ ભરીએ;
વિનયની વાળી નાકે રૂપાળી હરિ હેત હાર હૈયે ધરીએ-સતી
કુલીનતા કેરી સજવી સજની કોટે કંચુકી નિત રૂડી
ચળકે કમનિય યુગલ કરોમાં દાન તણી શુભ ચૂડી-સતી
સાડી શિયલની અંગ ઓપાવે, અળતો પતિવૃત કેરો;
મર્યાદા ઝાંઝર પગ ઝમકે, ચતુરાઇ ચરણીઓ પ્હેરો.-સતી

તોરલ સાહેલીઓ— ૬

દેવતણો અમીકુંપ સખી પતિદેવ પ્રથમ પી લેવાદે .× +
શરમા
* *
અરે જા
* * વાહવા
હવે રહેવાદે—
આ પતિ મીલકત પરને દેતી એ જઇ પ્રિયતમને કહેવાદે
ઓષ્ટ દર્શન કરી, અધર સુધાભરી રાખી તે લૂંટી લેવાદે
મીઠા મીઠા ઘુંટડા સાકર જે વાદે × × દેવતણો—

તોરલ-સાસતીઓ—　　　૭

વ્હાલમ વ્હેલેરા પ્રીતેથી દર્શન દાસીને દેજો.
મ્હારા મીઠડા મોહનવરજી, રસિયા હૃદયકમળ રહેજો.
સ્નેહના સંદેશા કહેજો, પ્રીતિના લ્હાવ લલિત લેજો.
શ્યામ વિરહી વધૂવધૂ ના કરશો શાન્તિસદા પ્રિય ઉરમાં ભરશો
સુખકર મનહર હીમકર પ્રતિમા પળપળ મન ઠરશો-વ્હાલમ
શુદ્ધ સ્નેહના મંત્ર ભણીને ગુણીયલ બધી દઢ ગ્રંથી
હે પ્રિય પથી,　　વા ગુણવંતી,-
વિનંતી ઉર ધરજો-વ્હાલમ.

લચ્છીમીદાસ, મુક્તાનંદ, સધીર-૮

દુનિયા ઝુકતી હય ઉસ્કો ઝુકાના ચાહિયે
હય મતલબી દુનિયા ઉસ્કો મતલબ બતાના ચાહિયે
છીપકે (૨) ટક્રીકી આડ ફસાના શિકાર લે આના
તતર જતર છુ છુ મંતર સબ હય હીલાબહાતા
ઔર ફીર
કહો ફીર
ઘર હે ગોલખમેં
તેરી ગોલખ મેરી બગલમેં
અને દીકરા લાલીયા

કાકા

ભગત જગતકો ઠગત હય ભગત ઠગત નવ કોય
એક વખત જો ભગત ઠગે તો કોટી યજ્ઞ ફલ હોય.

લચ્છમીદાસ, ઉજલી, અધીર-૯

આજારે બાલે જોબન વાલી જરા નૈનાંસે નૈનાં મીલા
જાવા દો છેડ કોક જોશે બાવાજી
સાસરીઆ જાણશે તો બગડશે બાજી
છોડ અચસી બતીઆં કહા મેરામાન
શામકીમાં લટ્ટુ બન્યા સાધુરામ
છોડ અચસી બતીઆં કહા મેરામાન
તેરી ગોલખ પચાવવી એ છે મેરા કામ
તેરી અદાસે ઘાયલ હુવાહું જરા ધીરેસે ખીંચ
પ્યારી તીર્છા કમાન

હોજા ચેલી
હું અલબેલી
લુંગા થેલી
વાહ

અધીર, લાલીઓ— ૧૦

વાહવા વાહવા કેવી નંદકળાને કેળવીરે
કાકા ખૂબકરી સાધૂને લીધો ભોળવીરે
વણિક વિદ્યા સહૂથી મોટી
ચૌદ વિદ્યા એ આગળ ખોટી
અધધધધધધધ ધન
કાકા થયા પ્રભૂ પ્રસન્ન
લાલીયા ઉં.........
કાકા ઉં.........

કાકા આ રૂપીયામાંથી હવે હુ પરણીશ
મારા માટે નાનકડી શેઠાણી લાવીશ
પછી ?
પછી હું મ્હોટો ઠાઠ કરી મારી લાડી સાથે મુંબઇ ફરવા જઇશ
આને ખાસ એક ઇસ્પેશિયલ જોડાવીશ. ત ગાડી—
આમ ચાલશે + (સીટી.) + + +
વેવલીના ચુપ રહે બધૂ થશે.
મફત માલથી મોજ ઉડાવો
પોક મેલીને શેરો બાવો
ચાલો હવે ઘેર
કાકા થઇ છે લીલા લહેર
લાલીયા ઉં...........
કાકા ઉં..................

મુક્તાનંદ, સધીર, લાલીઓ ૧૧

દે દે મેરી મુડી છોડ બાત અયસ ટેડી
નહિ તો માર માર અભી તેરી તોડું પસલી
બાવાજીની બુદ્ધિ જૂઓ ધૂડમાં મળી
ક્યું બનિયા તું ઢોંગ મચાવે
વાણિયે પચાવ્યું ધન પ્રભૂનાં કહાવે
મારૂંગા લાત
બાવા એ શું કરો વાત
કાકા કેમ

ટાઢું હેમ
હાય ફિરા કરમ
કંચનીઓ— ૧૨

રાણા અચો વતન તેં પાંજ
સેલ સેલાણીડે ઘડી ઘડી સંભરે
રાતેં ડીં મૂંકે નથાડે વીસરે
મુંજે હયડેમેં પ્યા ચૂંણુકે
મુંજો તો રાણો રુસે રૂસે તો
ડેહ છડીપર ડેહ વીંજે તો
બઇ ગાલ રૂદેમેં ધરે તો રાણા—

અંક બીજો.

વડારણો— ૧૩

કાન ખેલતો બસી ધુન વાગી ગોપી બની ઘેલી
ખેલતી કુદતી નવેલી છકેલી અલબેલી
ઓહો

આંખના ઈસારા કરે મનડાં હરે અરે નેહની લગન લાગી
રમે રાસ સંગે રાધીકા સોહાગી— કાન૦

ગોપીયુ ટોળે મળી કાનુડા સંગે બળી કુળની શરમ ત્યાગી
રમે એક મેક કંઠે કંઠ લાગી— કાન૦

આશુઓ— ૧૪

સાંઇ તેરા તન તંબુરા બડા
તુંબા હાડ ચામસે મઢા તેરા
નાભી ઔર નાસીકામાંહી
ઇંડા પીંગળા શુક્ષ્મના જ્યાંહી
તીન તાર બાંધે હે ત્યાંહી
પરા પારસો પુરૂષ બજાવે હોત નાદ ઝટઝડા—સાંઇ.
તીન અંગુરી તાર ચલાવે
જાગૃત સ્વપ્નન સુષુપ્તિ પાવે
અક્ષર બાવન હોમે ગાવે
નિદ્રામેં ઓંકાર અકેલા ગાજત હે ધડધડા—સાંઇ.
ઐસા તન તંબુરા પાયા
જો કર્તાકા ગુન ના ગાયા
તાકુ ઠગે ઇશ્વરકી માયા
બાર બાર સો માર ખાત હે જ્યુ ગેંડીસે દડા—સાંઇ.
બાજે નાદ અનાહત જ્યાંહી
ધારી રાખે નીતકુ ત્યાંહી
ભેદે જાય બ્રહ્મ કે માંહી
કહે છોટમ ત્યાં રહે લોભાઇ મન ચંચળ માંકડા—તે.

તોરલ— ૧૫

રહે જો પ્રભુ સ્હાય શીવરરે સતિના આધાર
ભકતોની ભીડયું ભાગનાર સાચાના તમે સ્હાયકાર

આવ્યું ધર્મ સંકટ માથે હરિ બાજી તારે હાથે
વચને બંધાઇ છું હું નાર, વ્હાલારે વેગે કરો વ્હાર—સાચાના.
વિઠ્ઠલ પર વિપતિ વિદારો, ભરૂંસો છે એક તમારો
ભાગ્યાનાછે ભેરૂ સરજન હાર, વ્હાલારે લજ્જા રાખનાર
—સાચાના.

હંસા, લાખાજી— ૧૬
મન મંદીરીયે મુરતીને પધરાવી મોહન વર તારી
ઘેલી થઇ રે હું તો ગાંડી થઇ રે પ્રીતિપંથે પળેલી
તમો દેવી મ્હારાં
તમે પ્રાણ પ્યારા અંતર આરતી ઉતારૂં
સુંદરી સુહાગી તમને ઘડી ના વીસારૂં
તમો પર તનમન વારૂં— મન.
આશા ભરૂંસે ઉભી પ્રીતિના પાસે હું તો વૃક્ષે વીટાઇ
જેમ વેલી.
પાલવ ગૃહીને વ્હાલા,
મારી ગણી તો હવે દેશો નહી નાથ મેલી. એ.

તોરલ— ૧૭
એક દીન એવો આવશે, જે રૂદીઆમાં સોના સાલેરે.
સગાં મીત્રના કારણે વીરા, કોઇનું જોર નવ ચાલેરે,
કાઢો કાઢો એને સૌ કરે વીરા, જાણે જન્મ્યા નોતા રે.
ઘટનો ઘુંઘટ દુર કર્યો, ત્યારે રોકયા દશ દરવાજા રે.
આરે કાયાનો ઘડ ઘેરીઓ ત્યારે, રોકયો દેહનો રાજા—એક.
સોળ વરસની સુંદરી, તે ઉભી ટગમગ જુદેરે.

આરે કાયામાં હવે કાંઇ નથી, ત્યારે ઉભી મુસકે રૂવેરે.
બેની વળામણુ શેરીએ, માતા ઝાંપેથી વળશેરે.
સગાં સગાં તમે શું કરોરે, સગાં વળાવીને. વળશે.
સગાં તે વન કેરાં લાકડાં.તે ભેગાં આવી બળશેરે એક.

લાલીઓ— ૧૮

બની જઈશું હવે તો મોટા શેઠ વાહવા
ઘણા નોકર રાખીશું હાથ હેઠ વાહવા
ચાલુ અક્કડ હું આમ બસ વાહવા
લોક કરશે સલામ ખાસ આહાહાહા— બની.
મળી ગયા ખુબ રૂપીયા પ્હેરૂં કડા કંઠી ટુંપીયા
પરણીને લાવીશું નાનકડી લાડી સાચી પહેરાવું ચોળી સાડી
કેમ
રમત ગમત મોજ કરીશું ગાડીમાં બેસીને રોજ ફરીશું
ડચ ડચ ડચ— બની.

તોરલ— ૧૯

સદગુરૂ મળીઆ સર્વે સંશય ટળીયા
મ્હારી ભયકેરી ભ્રમણા ભાગીજી હોજી
બીજ બંધુકડીને પ્રેમ પલીતો
મને જ્ઞાન ગલોલીયું વાગીજી હોજી સદગુરૂ.
શુરાનર હોય તે તો સન્મુખ લડશે
ઓલ્યા કાહુયર જાશે ભાગી હોજી
ધન ધન દહાડો પ્રભુ પાટે પધાર્યા

રૂડી ઝળ હળ જયોત્યું જાગીજી હોજી સહગુરૂ.
ગુરૂના [illegible] તોરલ દે
અમને લહેર્યું ધણીના લાગાજી હોજી સહગુરૂ.

તોરલ— ૨૦

જેશળ કરી લે વિચાર માથે જમ કેરો માર
સ્વપ્ના જેવોરે સંસાર તોળાં દે કરે છે પોકાર
આવોને જેશળ રાય આપણ મળીએ
ખરા સંત હોય ત્યાં જઇ ભળીયેજી
આ જાપ આવીયો અવતાર માથે સહગુરૂ ધાર
જાવુ ધણીને દરબાર એડલી ઉતારે ભવપાર—આવોને
મોતી એરણમાં ઓરાય માથે ઘરણ કેરા ઘાય
પુટે ફુટકીઆં કહેવાય સાચાની ખળે ખમયું થાય-આવોને
નવ લખ કોથળીઓ બંધાય ત્યારે ગાંધીડો કહેવાય
હીરા માણેક હાટે વેચાય તેનાં મૂલ મોંઘાં થાય-આવોને
નિત્ય નિત્ય ઉઠી ન્હાવા જાય કોયલા ઉજળા ન થાય
બેટો ગુણિકાના તે તો બાપ કોને કહેવા જાય-આવોને
દેખા દેખી કરવા જાય એ નર અધુરીયા કહેવાય
હાથમાં દીવો લઇને છતી આંખે કુવે પડવા જાય
એવી ચાર જુગની વાણી સતી તોરલ દેવી ગાય-આવોને

મદનીકા— ૨૧

જોબન રસ ભર્યું હાંહાંરે રસ ભર્યું, ભર્યું રે—રસ ભર્યું
નીરખતાં વાર-અને લાચાર નયનનો માર

સહે ના કોઇ- જોબન
તીરછી નજર શર મન્દ સુહાસ્યે હરેકનું મન હર્યું
સંયમી નર પણ ટેક. તજીદે જાણે કે કામણ કર્યું—જો

મદનીકા, અભેદરામ— ૨૨

મોંઘાં સુખ સંસારનાં, સુંદર મહિલાથી માણીએ
અલબેલા ઉમંગથી, અબલા પર પ્રીતી આણીએ
અમુલખ લટકુ યૌવન, ફેરૂ ગયું ફરી નવ આવે
રહીને રામા રસીક સંગાથે, ભોગ ભોગવો ભાવે—પ્રીતિ
કામીની તન મહા વિકટ, વીપીન જહાં કામ ચોરકા બાસા
મુકતી મણી હાથોંસે છીન લે, દેવે દુર્મતિ ફાંસા—પ્રીતિ
પીન પયોધરી અંબુજ વદના, વળી ભર જોબન અંગે
જન્મ વૃથા તે જનનો જગમાં, જે નવ રાચે રંગે—પ્રીતિ
નકકી ભંડી હયગી રહી, તપો વીખંડી જાનો
ઉસ પર જો મોહાન્ધ બને નર; મુર્ખ મહા,સોહી માનો-પ્રીતિ

મદનીકા, અભેદરામ— ૨૩

લાગી લાગી નંદલાલાથી લાગી લગની લાગી
આ ભવની ભીડ ભાગી
જાગી જાગી અંતર જયોતી જાગી, જાગી જાગી ગુરૂકૃપાયે જાગી
વાંસળી વીઠલવરની વાગી તૃષ્ણા ત્યાગી—લાગી

પારસ મણી હરીનામ તે દે લોકને કંચન કરી
ચંદન કરી કુબજાને એઠાં બોર શવરી પદ ધરી
નામે તર્યો પાપી અજામિલ કીરતને ગુણિકા તરી
સ્હેજે તરે સંસાર સાગર જો સુકાની છે હરી-લાગી લાગી

જેસલ, તોરલ— ૨૪

ડુબે ડુબે મારો બેડો ઉછળે પાણી
તોળાંદે રાણી નાવ સંભાળ
કરી લે મારા રામને સુકાણી
જેસલ સત જાણી નાવ સંભાળ
ભલે નાવ ડુબે ભીતી શાને ધરિયે
ત્યજી જગત તું જા ડુબી આત્મદરીયે
ઘડી મણુંની આવતાં સાચવી લે
ચરણમાં પડી શર્ણું જા શ્રી હરીને

જેસલ— ૨૫

પાપ તારૂ પ્રકાશ જાડેજા પાપ ત્હારૂં પ્રકાશરે
તારી બેડલીને બુડવા નહી દઉં જાડેજારે તોરલ કહે છે.
હરણ હર્યા લખચાર તોરલ દે હરણ હર્યા લખચાર રે
કંઇક વનના મૃગલા મારીયા તોળ દેરે જેશળ કેહે છે
કામ તારાં સંભાર જાડેજા ધર્મ ત્હારાં સંભારરે તારી બેડલી.
લુંટી કુંવારી જાન સતિ નારી લુંટી કુંવારી જાનરે

સાત વીશુ મોડ બંધ મારીયા તોળાં દેરે જેસળ કહે છે.
ધર્મ ત્હારો સંભાળ જાડેજા ધર્મ ત્હારો સંભાળરેતારી બેડલી
તોડી સરોવર પાળ સતિ નારી તોડી સરોવર પાળરે
ભાઇ ભાભીને મેં મારીયાં તોળાંદે રે જેસળ કહે છે
કંઇક પરમારથ કર જાડેજા કંઇક પરમારથ કરરે તારી બેડલી.
માથાના જેટલા વાળ સતિ નારી માથાના જેટલા વાળરે
એટલાં કુકર્મો મેં કર્યા તોળાદેરે જેશળ કહે છે
પાપ ત્હારૂ પ્રકાશ જાડેજા પાપ ત્હારૂ પ્રકાશરે
વિનવે જેસળ રાય સતીને વિનવે જેસળ રાય
સતી નારી તારી બેડલી ઉતારો ભવપાર સતી—તારી.

અંક ત્રીજો.

કંચનીઓ— ૨૯

દીલ ડીયા મુંજો ઢારે વિંછોડો વિછડન જો મારે
આતસ દીલમેં એશ્કજી મુકે રાતોંડી બારે. વિ.
ઘડજા ઘટમે કોડ મજાનું નકકી પુછી ન્યારે
લાલ લુટાણા હિણુ લાડ મંજાનુ ટાંણુ ટંક સારે—વિ.
દાહ ગુરઇ બે દાદ કનાનું-હલી-હંજુ હારે
દર્દ ડીસીં બેદર્દ ચોપ આંજો લીખ્યો કેર ટારે—વિ.

જેસલ— ૨૭

ભજીલે મન નારાયણનું નામ— ભ.
જાણું છે માયા મેલી–દીન જનના સાચા બેલી
રાધાવર ઘનશ્યામ— ભજી
ઉત્તમ નર તન મેળવી, માનવ કરીલે ઉત્તમ કામ
આ પળ એળે વહી જશે, તો પડશે ચોરાશી ઠામ
આવ્યું આ ઉત્તમ ટાણું નહિ મળે ખરચે નાણું
મોઘું મુક્તીનું ધામ— ભજી
મોહ જતાં સો ભય ટળે, ભય ટળતાં દુર શોક
શોક જતાં શાન્તી મળે, શાન્તી સુખદ વીલોક–આવ્યુ.

જેસળ— ૨૮

હાટડીયામાં કેમ રેવાશે, ભાઇ મારા રામની રજા નઇ
રામની રજા નહી, મારી કાયાનું સુજે નહિં કાંઇ. હાટ.
બેસવા સારૂ હાટડી કીધી; ખુબ બની છે ભાઇ
હુકમ આવ્યો કેમ ચાલશે, મારી હાટડી સુનિ થઇ. હાટ.
ઉંચી મેડીને અજબ ઝરૂખા, સેજ પલંગે સુઇ
સાહેબ કહોવાતા ને ચમ્મર ઢરાતા, તેપણ રહ્યા નહિ. હાટ.
નવ ગ્રહ જેણે ઢોલીએ બાંધ્યા, જરા મરણ નહી
દશ મસ્તકને વિશ ભુજા, એ રાવણ રહ્યા કંઇ. હાટ.
ધર્મના કામમાં ઢીલ ન કરશો, વધારે જસોમાં વઇ
મીઠો કહે ગુરૂ પુરણ મળીઆ,–નામની નોબત થઇ. હાટ.

મદનિકા— ૨૯

પ્રીત પ્યાલો ગુરૂએ પાયોરે, બ્રહ્મ સ્વાદે દીધું વદન ભરી
રગ રગમા રસ રેલાયોરે, જયા નીરખું ત્યાંએ હરિ ને હરિ
પ્રેમ જળે ફુલડાં ફોરે, જડમાં રસ ચેતન્ન છાયો
પ્રેમ જાદુને પ્યાલે મારી, કીકીમાં બ્રહ્મ એ સમાયો
છે છવાયો, જગ છાયોરે—

મદનીકા, મુક્તાનંદ— ૩૦

છો મારા જીવન આધાર જોગીરાજ
કયસી બાંકી ભ્રકુટી કમાન
પ્યારી નયનોંકા મારો ન બાન
મારો રંગરાજ જોગી આજ.—છો મારા

સાખી

કંગન નથની દામણી નવરસ હીરા હાર
સાડી સુરત શહેરની લાવી દયો આવાર
બની જાકે મય લાકે આતા હું દીલદાર
તુજે પ્યારી દુલારી સજાવું સીનગાર—છો મારા.

તોરલ— ૩૧

દેખી દુનીયા બધી સ્વાર્થથી છે ભરી
સ્વાર્થ વિણુ એક નવ કર્મ કરશે જરી

માનતા માનવી માનતા દેવની
ગણીને મન દેવ પણ સ્વાર્થ પ્રતિમા ખરી

મદનીકા, મકતાનંદ—　　　૩૨

બેચા હય જાન કુંડી સોટા, પાની પીનેકા લોટા,
લાનેકો સાડી ગોટા કીનારી.—બેચા.
ઝોલીભી ખાલી હુઈ ઔર બન્દાભી કડકા બંગાલી
રહા હય લંગોટા લંગોટા લંગોટા
મોહત જાય કેમ સાચો બાવાજી એ દીધું આ હૃદએ બતાવી
રાખ ચોળેલી ખરી જે ભૂલ્યાતા આજે મેં પાછી ચોળાવી
માન જાની માન માન—　　　બેચા.

તોરલ, મદનીકા—　　　૩૩

ભકત ભય હારી વૈકુંઠના વીહારી વ્હાલા
નામ પરવારી શ્રી ગીરધારી લાલા—　　　ભકત.
સીદ્ધ મુનીશ્વર ધ્યાન ધરે વળી શેષ શારદ ગુણ ગાયે
એવા પ્રભુને નિસદીન ભજતાં જન્મ મરણ ટળી જાએ
વ્હાલા—ભકત.

લાખાજી—　　　૩૪

જીવન દિન ચારનું ચટકું નકામો મોહ માયાનો
ઉડી જાવું આહા અન્તે કરીને ત્યાગ કાયાનો
ટકી રહેતા ત્રણે કાળે ઉપાધી આધી વ્યાધીમાં

જડે છે દાખલા એવા ઘણા અહિંઆં ડહાયાનો
થતાં હરણાક્ષને ડંકો રહેતાં ગર્વ બંદાનો
શુકનો પણ સમય આવે સમાધિમાં સમાયાનો
અરેરે કાયા માયાનો નકામો મોહ સંસારે
ભુલે જ્ઞાની છતાંજ્ઞાને ધરાવી ઢોંગ ડાહ્યાનો

તોરલ-- ૩૫

વચન વદી કદી નાફર નીશફળ
જાગ્ય જાગ્ય ઓ જુઠા જેશળ
જન્મારો જુઠામાં ગાળ્યો
મરતાં તો આ સાચો જેશળ---વચન.
કાળ વીતે કેણી રહી જાશે
વીરુ વગોણું તારૂં થાશે
જાણું જીવ્યો હવે શું હારે
ઉઠ સમાધીશી અત્યારે. જાગ્ય.

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

સરક્યુલર.

...મજ કારખાનાઓમાં ઇલેકટ્રીક લાઇટ.

અગત્યનું કે જ્યાં આંચકા આવવાના સંભવો

... રહે ને નહિ તુટે એવી મજબુત

...ન્ટના બનાવેલા ફીલીવસના લેમ્પસ.

એન્ડ મેન્ટલ

...ગતો સર્વે ફીટીંગ્સ, સ્વીચ, હોલ્ડર, કટાઉટ શાલીં... ...નો ફ્લેક્ષીબલ વાયર, શેડ્સ, ગ્લોબ વીગેરે સગવે ફાયદાકારક ભાવથી મલશે.

... ઘણીજ ઉંચી બનાવટની છે અને તે કીટસન, વેશી... ...મ પણ પ્રેશર લેમ્પો ઉપર વપરાય છે. આ મેન્ટલો ઘણાજ ... ... રેલવે, મ્યુનીસીપાલીટીઓ વગેરે ઠેકાણે વપરાય છે.

ભાવ—મેટલ ફીલેમેન્ટ લેમ્પ વોલ્ટ ૨૩૦ ના ૨૫-૩૨-૫૦ કેન્ડલપાવર ના ડઝનના રૂ. ૧૪) થી ઉપર. ૧૧૦ વોલ્ટ ૧૬-૨૫ -૩૨-૫૦ કેન્ડલ પાવરના ડઝનના રૂ. ૯ થી ઉપર.

ગુજરાતના એજન્ટ,

શા૦ વાડીલાલ ચુનીલાલ એન્ડ કું૦

કીટસન, તથા કન્ટ્રી, તથા ઇલેકટ્રીક લાઇટ વેચનાર તથા ઇલેકટ્રીક લાઇટનું દરેક જાતનું ફીટીંગ કરનાર કોન્ટ્રાકટર્સ.

લાલસીંહ માનસીંહ બીલ્ડીંગ.

ત્રીજે દાદરે ફાફર્ડ મારકીટ -- **મુંબઈ.**

જાહેર ખબર.

નીચેના લખેલા પુસ્તકો શ્રી આર્ય નૈતિક ના. જ્યાં મુકામ હોય ત્યાંથી મળશે, માટે જેઓ સાં તેઓએ રોકડી કીમતથી મંગાવી લેવાં. વી પી થ નહી. નોટપેડ કાગળ રાખવામાં આવશે નહી

ચોપડીઓનાં નામ		
૧ આર્ય વિજય	નાટકના ગાયનો	૨·
૨ અમર યોગીન્દ્ર	,,	૦-૨-૦
૩ બાદશાહી હીર	,,	૦-૨-૬
૪ પ્રતાપી પ્રેમિલા	ભાવણુ સહિત	૦-૮-૬
૫ ચિતોડનો હરણુ	,,	૦-૮-૦
૬ કામલતા	,,	૦-૮-૬
૭ સત્યાવાદી હરિશ્ચંદ્ર	,,	૦-૮-૬
૮ વસુંધરા વાને બેધારી તલવાર	નાટકના ગાયનો	૦-૨-૯
૯ બ્રહ્મર્ષિ વિશ્વામિત્ર	,,	૦-૨-૬
૧૦ સરોજની	,,	૦-૨-૬
૧૧ પુત્ર રત્ન પુંડલીક	,,	૦-૨-૦
૧૨ સતી તોરલ	,,	૦-૨-૬

માલીક.

શ્રી આર્ય નૈતિક નાટક સમાજ.